॥ શ્રી ગણેશાય નમઃ ॥

॥ પંચ ત્યાં પરમેશ્વર ॥

# ચાલીસ ગામ ભાલ પરગણાં રોહિત જ્ઞાતિ સમાજનું બંધારણ

આપણા સામાજિક બંધારણની સુરક્ષા અને સંચાલનમાં સફળતા જળવાઇ રહે તે જોવાની સમાજની દરેક વ્યકિતની પ્રથમ અને પવિત્ર ફરજ રહેશે. બંધારણની કોઇપણ કલમનો કોઇપણ વ્યકિત દ્વારા ભંગ થાય ત્યારે જે તે ગામની પ્રત્યેક વ્યકિતએ સંપૂર્ણ જાગૃતિ બતાવવાની રહેશે. બંધારણનો ભંગ કરનાર જે તે વ્યકિત સામે તેના ગામની અંકુશ સમિતિ તથા આખા પરગણાની અંકુશ સમિતિ જે પગલાં લેશે તે દરેકને બંધનકર્તા રહેશે.

૧. લગ્ન સમયે સરકારશ્રીએ દિકરીની ઉંમર ૧૮ વર્ષ અને દિકરાની ઉંમર ૨૧ વર્ષ નકકી કરેલ છે. તેને આવકારીને સ્વીકાર કરીએ છીએ. જેની વિરૂધ્ધ જનારને આવતી મુશ્કેલીઓ માટે જ્ઞાતિ સમાજ બંધન કર્તા નથી.

૨. સગાઇના મહેમાન લેવા બે માણસે જવાનું નકકી કરે છે. કોઇ પ્રકારની ઓઢામણી કરવાની નથી.

૩. સગાઇ કરવા માટે કુંટુંબના માણસો એ જવાનું છે. અન્ય સગાઓને સાથે લઇ જવાના નથી સગાઇ કરવા ૭ (સાત) માણસોએ જવાનું છે. જ્ઞાતિ-પંચ રૂબરૂ રૂા. પર/- અને શ્રીફળ તથા પુર્નઃલગ્નમાં એક દાગીના આપવાથી સગાઇ થયેલ જાહેર થશે. સ્ત્રી વર્ગને સગાઇમાં જવાનું નથી.

૪. જ્ઞાતિ સમાજની આજની બેઠકમાં લગ્નનું દાપુ રૂા. ૮૦૦૧/- તથા પુર્નઃલગ્નનું દાપું રૂા.૮૦૦૧/- (ન-છોરવી કન્યા માટે) તથા છોકરાની મા-વાળી કન્યા માટેનું દાપુ રૂા.૭૦૦૧/- નકકી કરવામાં આવે છે. આ દાપાની રકમ વરપક્ષ કન્યાપક્ષના જ્ઞાતિ આગેવાનોની રૂબરૂ દિકરીના બાપને આપવાની હોય છે.

૫. લગ્નમાં, પુર્નઃલગ્નમાં જાનૈયાની સંખ્યા તથા સીમંત અને મામેરાની સંખ્યા નીચે પ્રમાણે નકકી કરે છે.

| | |
|---|---|
| ૧. લગ્ન સમયે .......... | ૭૧ |
| ૨. પુનઃલગ્ન સમયે .......... | ૫૦ |
| ૩. સીમંત સમયે .......... | ૧૧ |
| ૪. મામેરા સમયે .......... | ૪૦ |

૬. લગ્ન પછીના વ્યવહારો

૧. કન્યાને ત્યાં હારડો - પડીકુ આપવાનું બંધ
૨. વેવાઇ-વેવાણો રહેવા જવાનું બંધ
૩. સાડી ઓઢાડવાની નથી
૪. કન્યાને પિયર પાછી મોકલે ત્યારે ફક્ત સાડી વરપક્ષે લેવાની છે.(લગ્ન વખતે)
૫. લગ્નના આણાના ત્રણ થી છ માસની અંદર કાયમી આણું આપવાનું છે.
૬. તે પછીની તમામ આણાપ્રથા બંધ કરવામાં આવે છે. બંન્ને પક્ષને અનુકુળ સમયે કન્યા પિયર જઇ શકશે.

૭. આજની બેઠકમાં નીચે મુજબ લગ્નમાં, સીમંતમાં તથા મામેરામાં કન્યા પક્ષને વળતર આપવાનું નક્કી કરવામાં આવે છે.

(૧) લગ્ન સમયે............ વિંટીના રૂા. ૧૦/- નૈવેધ સાથે. (વરને)

(૨) સીમંત સમયે .............. ઘરનાં માણસોને ૧૦૧/- રૂા. અને બાકીના માણસોને ૨૧/- રૂા. ઓઢામણી કરવાની રહેશે.

(૩) મામેરા સમયે ..............ઘરનાં માણસોને ૧૦૧/- રૂા. અને બાકીના માણસોને ૨૧/- રૂા. ઓઢામણી કરવાની રહેશે.

૮. આજની બેઠકમાં સીમંત તથા મામેરા પ્રસંગે નીચે પ્રમાણેના દાગીના આપવાથી **"પુરો રીવાજ"** થયેલો ગણાશે. બેઠકમાં દાગીનાની સંખ્યાનો "ટહુકો" પડાશે. વધારે દાગીના આપવાના બંધ.

૧. **સીમંતમાં** ....સોનાના દાગીના.....૨
ચાંદીના દાગીના......૩ **(કુલ ૫ દાગીના)** દિકરીના પુરા કપડાં.........

૨. **મામેરામાં**..........સોનાના દાગીના...........૩
ચાંદીના દાગીના............૪ (કુલ ૭ દાગીના)
માં-દિકરી અથવા માં-દિકરાના પુરા કપડા લેવાના રહેશે.

૯. નીચે પ્રમાણેના માંગલીક પ્રસંગોમાં દિકરીને "ચા" પીવાના રૂપિયા આપવાનું નક્કી કરે છે. તે સિવાય અન્ય વ્યવહાર કરવો નહી.

૧. લગ્ન સમયે..... નજીકની દિકરીને રૂા.૧૫૧/- અન્ય કુંવાસીને રૂ.૧૦/-
૨. મામેરા સમયે .....નજીકની દિકરીને રૂા.૧૦૧/- અન્ય કુંવાસીને રૂ.૧૦/-
૩. કુંવાસીના ભાણા માંડવાના નથી પણ સાથે જમવા બોલાવવાના છે.

૧૦. લગ્ન અને પુર્નઃલગ્નમાં ગોઠવણી કરનાર મેરૈયાને બંન્ને પક્ષ તરફથી ૨૧+૨૧/- રૂપિયા આપવાના રહેશે. જેનો બેઠકમાં "ટહુકો" પડશે.

૧૧. આજની બેઠકમાં નક્કી કરવામાં આવે છે કે લગ્નમાં, સીમંતમાં, અને મામેરામાં કન્યાપક્ષને બ્રાહ્મણથી નોંતરા દેવાના રહેશે. અન્ય નોંતરાની વ્યવસ્થા બંન્ને પક્ષ પોતાની રીતે કરશે.

૧૨. જાનની વિદાય સમયે કન્યા પક્ષને રૂા. ૨૦૧/- આપવાના રહેશે. જેનાથી સ્ત્રી વર્ગમાં પતાસાની વહેંચણી કરાશે.

૧૩. આજની બેઠકમાં નિર્ણય લેવાયો છે કે આવનાર સગાને "સન્માનવા" રૂપિયા ૨૧/- આપવાના રહેશે. તેથી વધારે કોઇએ ઓઢામણી કરવાની નથી.

૧૪. કોઇપણ જાતના બાધ સિવાય **"કન્યા ત્યાંના દાપા"** ના રીવાજે કોઇ પણ ગોળ, પરગણા સાથે દિકરા-દિકરીના વ્યવહારો બાંધી શકાશે.

૧૫. માંગલીક પ્રસંગ સમયે બ્રાહ્મણ, બારોટ, હજામ, ઢોલી, તથા અન્ય માંગણોની નીચે પ્રમાણે વ્યવહાર કરવાનો રહેશે.

| વિગત | બ્રાહ્મણ | બારોટ | હજામ | ઢોલી | અન્યમાંગણ |
|---|---|---|---|---|---|
| લગ્ન સમયે......... | ૨૫૧/- | ૫૦/- | ૫૦/- | ૧૦૧/- | ૧૦/- |
| સીમંત સમયે......... | ૧૫૧/- | ૧૫/- | ૧૫/- | - | ૧૦/- |
| મામેરા સમયે......... | ૧૦૧/- | ૧૫/- | ૧૫/- | ૫૦/- | ૧૦/- |
| મરણ સમયે......... | ૧૦૧/- | ૧૫/- | ૧૫૧/- | - | ૧૦/- |

૧૬. આજની બેઠકમાં મરણોત્તર ક્રિયામાં નીચે પ્રમાણેના વ્યવહારો કરવાનું નક્કી કરેલ છે.

૧. શોકના ખેસીયા બંધ કરી તેના બદલે રોકડમાં રૂપિયા ૧૦/- આપવાના રહેશે.

૨. સુંવાળાના સાડલાં બંધ કરીને એ રોકડમાં રૂા. ૨૦/- આપવાના રહેશે.

૩. શોક ભગાવવા કુંવાસી આવે ત્યારે સાડી લેવાની છે.

૪. ખાપણમાં રૂા. ૬૦૧/- આપવાના છે. પિયરીયા સાથે ઉપર મુજબના વ્યવહારો કરવાના છે.

૫. સગવડ અને પરિસ્થિતિ પ્રમાણે **"સગા"** તેડે તો પણ આજ વ્યવહાર કરવાના છે.

૬. **"સગા"** તેડે ત્યારે એકજ લોહીના માણસોને ત્યાં ઓઢામણું લાવવાનું છે. અન્ય ઓઢામણા બંધ કરેલ છે.

૭. **"સગા તેડે"** ત્યારે ઓઢામણામાં દાગીનો આપવાનો નથી.

૮. કુંટુંબમાં કોઇ મરણ થાયતો બેન, દિકરી, પિયરપક્ષ સાસરી પક્ષ તેડવાના રહેશેં અન્ય કોઇપણ સગાને તેડાવવાના નથી.

૯. **"સગા તેડે"** ત્યારે વાસણ આપવાની છૂટ આપેલ છે.

૧૭. સમાજમાં છૂટા-છેડાના પ્રસંગો ઊભા થાય ત્યારે નીચે પ્રમાણેના વ્યવહારો કરવાથી છૂટા-છેડા થયેલા જાહેર થશે.

૧. દિકરા-દિકરીના છૂટા-છેડાના પ્રસંગે **ન રહેનાર** અથવા **ન રાખનારે** રૂા.૧૧,૦૦૦/- સામેના પક્ષને આપવાના રહેશે

૨. સદર છૂટા-છેડામાં નાણાં લેનારે લખામણી ના રૂા. ૨૫/- તથા જ્ઞાતિપંચના રૂા.૨૫૧/- આપવાના રહેશે. જે સમગ્ર જ્ઞાતિપંચને માંગે ત્યારે આપશે.

3. છૂટા-છેડાના પ્રસંગોમાં ન છોકરવી કન્યાના "દાગીના" કે "પેઠણ" કપડા સાથે કન્યા પક્ષને પાછા આપવાના છે, જ્યારે છોકરાની મા બનેલ કન્યાના "દાગીના" કે "પેઠણ" બાળક જે રાખશે તેને આપવાના રહેશે.

૪. બાળક બાબતે આખરી નિર્ણય વિધવા થયેલ સ્ત્રી ઉપર રહેશે.

૧૮. પુનઃલગ્નમાં વાયણું વાળવાના પ્રસંગે કન્યાપક્ષે વરપક્ષને રૂા.૧૫૧/- આપવાના રહેશે.

૧૯. પ્રત્યેક માંગલિક પ્રસંગો એકજ દિવસના અને એક ટંકના જમણના રહેશે.

૨૦. તમામ માંગલીક પ્રસંગોમાં લગ્ન, સીમંત, મામેરામાં થતો ખર્ચ વરપક્ષે ભોગવવાનો છે.

૨૧. સમાજમાં જ્યાં-જ્યાં બંધારણનો ભંગ થાય, અથવા સામાજિક પ્રસંગોમાં. ગુંચવાડા ઊભા થાયં ત્યારે જે તે ગામના વ્યકિતએ તેની લેખિત જાણ પોતાના ગામની અંકુશ સમિતીને આપવી. અને તેને પોતાના ગામની અંકુશ સમિતિ બે માસમા નિર્ણય લઇને ચુકાદો કરશે અને છતાં પણ નીકાલ ન થાય તો આખા પરગણાની અંકુશ સમિતિએ એક માસમા નિર્ણય કરીને ચુકાદો આપશે જે બંને પક્ષને બંધનકર્તા રહેશે. અને કોઇપણ સંજોગોમાં કોર્ટ કચેરીનો આશરો લેવાનો નથી. જેનું કડક પણે અને ચુસ્ત રીતે સર્વે જ્ઞાતિ બંધુઓએ પાલન કરવાનું રહેશે.

# જ્ઞાતિ - સમાજના વિવિધ પ્રસંગોનું વિવરણ



૧. સગાઇ કરવા જવા અંગે

સગાઇ કરવા ૭ માણસે જવું

સગાઇના રૂા. પર/- કન્યાપક્ષને આપવા

બ્રાહ્મણને રૂા. ૧૧/- આપવા

જમણ એક ટંકનું આપવું.

શીરાનાં ખર્ચને બંધ કરવામાં આવે છે.

લગ્નનો વાર-તિથી તારીખ બંન્ને પક્ષે મળીને ગોઠવવી.

૨. ગણેશ સ્થાપન કરવા અંગ

ગણેશ સ્થાપન માટે બ્રાહ્મણ આવશે નહી.

ગણેશ સ્થાપનમાં બ્રાહ્મણને રૂા.૫૧/- આપવા.

ગણેશ સાથે લાવવાના નથી - ઘરે રાખવા.



૩. વરતેડવા જવા અંગે

કન્યા પક્ષ તરફથી વરતેડવા બે માણસે જવું.

વરતેડિયાનો જવાનો ખર્ચ કન્યા પક્ષનો.

વરતેડિયાને પાછા આવવાનો ખર્ચ જાન ભોગવશે.

વરપક્ષ દાવામાંથી. રૂા.૬૦/- વરતેડિયાને બંધાવશે. જે કન્યા પક્ષની

બેઠકમાં પાછા આપવાના રહેશે.

વરતેડિયાને ઓઢામણી કરવાની નથી.

સગાના વાસણ માંડવાના નથી. સાથે જમવા બોલાવવા.

૪. લગ્નની જાનના વ્યવહાર અંગે

નાના-મોટા ૭૧ જાનૈયા વરરાજા સાથે લઇ જવા

સ્ત્રી વર્ગને જાનમાં સાથે લેવાના નથી. છોકરીઓ પણ નહી.

એક ટંકનું જમણ આપવાનું રહેશે.

કુંવાસીને ત્યાં જાને રોકાવાનું નથી.

નજીકની કુંવાસીને રૂ.૧૫૧/- તથા અન્ય કુંવાસીને રૂ.૧૦/-

સગાના વાસણ માંડવાના નથી.જમવા સાથે લેવા.

૫. લગ્નની બેઠકના વ્યવહાર અંગે

બેઠકમાં લગ્નનું દાપું **રૂ.૮૦૦૧**/- કન્યાપક્ષને આપવું.

મેરૈયાને રૂ.૨૧ + ૨૧- બન્ને પક્ષે આપવા

વરને વીંટીના રૂ.૧૦/- આપવા

માંગણને નકકી કરેલ પ્રમાણે આપવું

૬. જાનની વિદાય વેળાએ

કોઇપણ પ્રકારની લેવડ-દેવડ વિના રામ-રામ કરવા

વસ્તીના સ્ત્રીગણને પતાસાના રૂ.૨૦૧/- આપવા

કન્યાના છેડે કાંઇ બાંધવાનું નથી.

છાશ ઢોળાવવાનો રીવાજ બંધ

૭. પુનઃલગ્ન - સાંતરા અંગે

ન છોકરવી કન્યા માટે દાપુ રૂ.૮૦૦૧/-

છોકરાવાળી કન્યા માટે દાપુ રૂ.૭૦૦૧/-





દેખાદેખી કરીને અનુકરણ કરવું તેમાં પોતાનું જ નુકશાન છે.

સાંતરાના જાનૈયા ૫૦ લઇ જવા

કન્યાના કપડાં - ઘરેણાં વરપક્ષ લાવશે.

બંધન પ્રમાણે કુંવાસીને આપવું. - માંગણને આપવું

**૮. વારણું-વાળવાના વ્યવહાર અંગે**

વરતિયામાં રૂા.૧૫૧/- કન્યાપક્ષે વરપક્ષને આપશે.

પાંચ માણસે જવાનું રહેશે.

**૯. સીમંત સમયના વ્યવહારો**

પંદર દિવસ પહેલા કન્યાપક્ષને બ્રાભણથી જાણ કરવી

૧૧ માણસોએ જવું

બંધન પ્રમાણે માંગણ વર્ગને, કુંવાસી વર્ગને આપવા

સાકરના રૂા. ૫/- આપવા

**૧૦. "જી" આણાના વ્યવહારો**

દિકરી - ભાણી - ભાણાના કપડાં લેવા

પારણીયું - ઘોડિયું લેવું.

તેડવા એક માણસે જવું

**૧૧. મામેરાના વ્યવહારો અંગે**

૧૫ દિવસ પહેલાં બ્રાભણથી કન્યાપક્ષને જાણ કરવી

નાના-મોટા ૪૦ માણસે જવું

નાના કે મોટાએ અને સ્ત્રી વર્ગને જવાની છુટ છે

સાળા-સાળી-સાઢુને ઓઢામણી આપવી.